જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૬/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૨૪/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૧ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૩ | ૧ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૬ | ૬,૨૪,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ અને ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૫,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૭/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** અરૂણકુમાર સ/ઓ માનસિંગ રૂદ્રકી (રહે. ડીવાઇન પાર્ક સત્યમ કોમ્પલેક્ષ સામે સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૨ સવારના ૬/૩૦ થી તા.૦૬/૦૬/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની પાછળની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને અલગ-અલગ કંપનીની ઘડીયાળ મળી કુલ રૂપિયા ૧,૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૮/૨૦૨૨**

**પાલડીઃ** અલ્પનાબહેન વા/ઓ શ્રેયાંકભાઇ દાણી (ઉ.વ.૫૩) (રહે. નુતન સોસાયટી સુવિધા શોપિંગ સેન્ટર પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે અલ્પનાબહેન દાણીના ઘરે અજાણ્યા ત્રણ પુરૂષો આવી અલ્પનાબહેન દાણીના ઘરે સાફ-સફાઇનુ કામ કરવા માટે આવતા તેમજ રસોઇ કામ માટે આવતાં બે મહીલાઓને બંદુક જેવુ હથીયાર બતાવી બંને મહીલાઓને હોલમાં બળજબરીથી બેસાડી રાખી અલ્પનાબહેનના ઘરમાંથી સોનાના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.દવે ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૯/૨૦૨૨**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** હિરેન સ/ઓ કનૈયાલાલ ભટ્ટ (ઉ.વ.૪૫) (રહે. એચ-૨ શ્રીનંદનગર વિભાગ-૧ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા દધિચિબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર-૫ સીડી નજીક ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિંહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** અમીતભાઈ ઉર્ફે ભોલુ પરસોત્તમભાઈ પરમાર (રહે. દેવીપ્રસાદ મણીલાલ મહેતાની ચાલી ગંજી ફરાક મીલની બાજુમાં ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યા સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.અલગોતર ચલાવે છે.

**વટવાઃ** પુનમસિંહ ભેરુસિંહ રાજપુત (ઉ.વ.૨૨) (રહે. ગોપીનાથ એસ્ટેટ કુશાભાઉઠાકરેનગર ચારમાળીયા સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૦૮/૦૬/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા ગોપીનાથ એસ્ટેટ ખાતે દુકાન નંબર-૪ પાછળ છાપરાંમા લોખંડની પાઇપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનીષખાન ઇશાકખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.